# સાફલ્ય ગાથા,અમદાવાદ ગ્રામ્ય.

## અઠવાડિક તા.૨૯/૦૧/૨૦૧૮ થી તા.૦૪/૦૨/૨૦૧૮

## પ્રેસનોટ

(૧)

**રાજ્યના હાઇવે રોડ ઉપરથી પસાર થતા માલવાહક વાહનમાં ચાલુ વાહને ચઢી તાડપત્રી કાપી માલવાહક વાહનમાંથી કિંમતિ માલ સામાનની ચોરીના ગુન્હા આચરતી કુખ્યાત "ગેડીયા" ગેંગના સાગરીતને ઝડપિ પાડતી અમદાવાદ ગ્રામ્ય, એલ.સી.બી**

.................................................................................

અમદાવાદ ગ્રામ્ય જીલ્લામાંથી પસાર થતા રાષ્ટ્રિય ધોરી માર્ગ, રાજ્ય ધોરી માર્ગ ઉપરથી પસાર થતા રનીગ માલ-વાહક વાહનની તાડપત્રી કાપી વાહનમાંથી કિમતી માલ સામાનની ચોરીઓના બનાવ સંબધે જીલ્લા પોલીસ વડા શ્રી આર.વી.અસારી સાહેબશ્રી નાઓએ ખાસ એકશન પ્લાન બનાવી અસરગ્રસ્ત રોડ ઉપર ક્રોસ પેટ્રોલીગનુ આયોજન કરી પરીણામ લક્ષી કામગીરી કરવા તાબાના અધિકારીશ્રીઓને કરેલ ખાસ સુચનાને અનુલક્ષીને એલ.સી.બી પો.ઇન્સ શ્રી જે.એમ.ચુડાસમા નાઓએ એલ.સી.બી, પો.સ.ઇ. શ્રી. એન. બી. બારોટ. પો.સ.ઇ.શ્રી આર.એમ. વસૈયા, પો.સ.ઇ. શ્રી, આઇ.એમ. ઝાલા, પો.સ.ઇ. શ્રી એ.સી.ગોહિલ અને એલ.સી.બી. ટીમની અલગ અલગ ટીમો બનાવી ગુન્હા શોધવા ખાસ સૂચના કરેલ તેના ભાગરૂપે ટીમે જીલ્લામાં નોધાયેલ ગુન્હાનો અભ્યાસ કરી ગુન્હાની પધ્ધતિ આધારે સ્ક્રુટી કરી ગુન્હાઓ શોધવા કવાયત હાથ ધરેલ તેના ફળ સ્વરૂપે પો.કોન્સ અજયસિહ ચુડાસમા નાઓને મળેલ ચોક્કસ બાતમી આધારે પો.સ.ઇ.શ્રી આર.એમ. વસૈયા, વિરમગામ રૂરલના પો.સ.ઇ.શ્રી આર.આઇ.સોલંકી અને ટીમે વિરમગામ-સુરેન્દ્રનગર હાઇવે રોડ, થોરી નર્મદા કેનાલ નજીક વોચ ગોઠવી ભારે જહેમતથી કુખ્યાત "ગેડીયા" ગેંગના સાગરીતને ગુન્હામાં સંડોવાયેલ સ્કોર્પીઓ ગાડી નંબર- GJ-1. KC-9689 તથા ચોરાઉ પ્લાસ્ટીકના દાણાના થેલા નંગ-૨ તથા વિમલ ગુટકાના મોટા બોક્સ નંગ-૪ મળી કુલ રૂ.-૩,૮૫,૫૦૦/- ના મુદ્દામાલ સાથે ઝડપી પાડેલ

**રૂ.૩,૮૫,૫૦૦/-ના મુદ્દામાલ સાથે કુખ્યાત ગેડીયા ગેગનો સાગરીત ઝડપાયો**

(૧) રામલો ઉર્ફે રામદાસ સ/ઓ ગગજીભાઇ વાલજીભાઇ કોળી પટેલ ઉ.વ.-૨૩ રહે. ભરવાડ વાસ, થોરી-થાંભા તા. વિરમગામ

ઉક્ત ઇસમનામ કબ્જામાંથી મળી આવેલ સ્કોર્પીઓ ગાડી નંબર- GJ-1. KC-9689 માંના પ્લાસ્ટીકના દાણાના થેલા નંગ-૨ જે એક થેલામાં આશરે ૨૫ કિલો કિમંત રૂપિયા-૨૫૦૦/- લેખે બે થેલાની કિમંત રૂપિયા-૫૦૦૦/- તથા વિમલ ગુટકાના મોટા બોક્સ નંગ-૪ જે એક બોક્સની કિમંત રૂપિયા-૨૦,૦૦૦/- લેખે ચાર બોક્સની કિમંત રૂપિયા– ૮૦,૦૦૦/- સંબધે પૂછપરછ કરતા કોઇ સંતોષ કારક જવાબ

આપેલ નહિ જેથી અટકાયત કરી આગવી ઢબે ઘનિષ્ટ પુછપરછ માં પોતાના સાગરીતો સાથે મળી અમદાવાદ,- વિરમગામ, માલવણ,લીમડી, બગોદરા-ધોળકા હાઇવે રોડથી પસાર થતા માલ વાહક વાહનોની તાડપત્રી કાપી ચાલુ વાહને વાહન માથી કીમતી માલ સામાનની ચોરીઓ કરેલાની કબૂલાત કરતા ઘનિષ્ઠ પૂછપરછ હાથ ધરેલ

## કુલ- ૧૦ થી વધુ ગુન્હા આચરેલાની કબૂલાત

ઉક્ત આરોપીઓની ઘનિષ્ઠ પુછપરછમાં પોતાના સાગરીતો સાથે મળી છેલ્લા એક માસ દરમ્યાન ૧૦ થી વધુ ગુન્હા આચરેલાની કબૂલાત કરેલ તે પૈકી વિરમગામ રૂરલ-૧, સાંણદ – ૦૧, ધોળકા ટાઉન- ૧, મળી કુલ ૦૩ ગુન્હા નોધાયેલ હોવાની માહિતી હાલ સુધી પ્રાપ્ત થયેલ છે.

## આરોપીનો ગુનાહિત ઇતિહાસ

ઉપરોકત આોરોપી અગાઉ અત્રેના અમદાવાદ ગ્રામ્ય જીલ્લાના વિરમગામ રૂરલ તથા સાંણદ જી.આઇ.ડી.સી પો.સ્ટે માં આજ એમ.ઓ. ના બે ગુન્હામાં સંડોવાયેલ છે.

આ કામગીરમાં એલ.સી.બી. પો.સ.ઇ.શ્રી આર.એમ. વસૈયા,એ.એસ.આઇ. મનુભાઇ ખરાડી, પોકો.-અજયસિંહ ચુડાસમા, પો.કો.- અજીતસિંહ પઢેરીયા, પો.કો.-વિપુલભાઇ પટેલ વિરમગામ રૂરલ પો.સ્ટે.ના પો.સ.ઇ. શ્રી આર.આઇ. સોલંકી તથા પો.કો. જયદિપસિંહ, પોકો.-ચેહરભાઇ, પો.કો.- રાજુજી નાઓ જોડાયેલ હતા

# પ્રેસનોટ

(૨)

**ચાલુ વાહને તાડપત્રી કાપી માલવાહક વાહનમાંથી કિંમતિ માલ સામાનની ચોરીના ગુન્હા આચરતી કુખ્યાત “ગેડીયા” ગેંગના સાગરીતને ઝડપિ પાડતી અમદાવાદ ગ્રામ્ય, એલ.સી.બી.**

..........................................................................

જીલ્લામાં મિલકત સંબધી ગુન્હાઓ ઉપર અંકુશ મેળવવાના હેતુસર જીલ્લા પોલીસ વડા શ્રી આર.વી.અસારી સાહેબશ્રી નાઓએ નાસતા/ફરતા આરોપીઓને પકડવા તાબાના અધિકારીશ્રીઓને કરેલ ખાસ સુચનાને અનુલક્ષીને એલ.સી.બી પો.ઇન્સ શ્રી જે.એમ.ચુડાસમા નાઓએ એલ.સી.બી, પો.સ.ઇ. શ્રી. એન. બી. બારોટ. પો.સ.ઇ.શ્રી આર.એમ. વસૈયા, પો.સ.ઇ. શ્રી, આઇ.એમ. ઝાલા, પો.સ.ઇ. શ્રી એ.સી.ગોહિલ અને એલ.સી.બી. ટીમની અલગ અલગ ટીમો બનાવી નાસતા/ફરતા આરોપીઓ પકડવા ખાસ ઝૂંબેસ હાથ ધરેલ તેના ફળ સ્વરૂપે એ.એસ.આઇ મનુભાઇ ખરાડી તથા પો.કોન્સ

અજયસિહ ચુડાસમા નાઓને મળેલ ચોક્કસ બાતમી આધારે પો.સ.ઇ.શ્રી આર.એમ. વસૈયા, અને ટીમે સાંણદ મુનિઆશ્રમ ચોકડી નજીક વોચ ગોઠવી ભારે જહેમતથી અડધો ડઝનથી વધુ ગુન્હામાં પકડવાનો બાકી કુખ્યાત "ગેડીયા" ગેંગના સાગરીતને ઝડપી પાડેલ

<u>**કુખ્યાત ગેડીયા ગેગનો રીઢો સાગરીત ઝડપાયો**</u>

(૧) વિલાયત ઉર્ફે જમાલ મહમંદઉંમર ડફેર રહે, વાંસવા ગામની સીમ તા.- વિરમગામ

ઉક્ત ઇસમ અત્રેના જીલ્લાના સાંણદ,ધોળકા પો.સ્ટે. ના ગુન્હામાં પકડવાનો બાકી હોઇ આરોપીની અટકાયત કરી સાંણદ પો.સ્ટે.ના ગુન્હામાં સોપેલ છે.

<u>**કુલ- ૧૧ થી વધુ ગુન્હા આચરેલાની કબૂલાત**</u>

ઉક્ત આરોપીઓની ઘનિષ્ઠ પુછપરછમાં પોતાના સાગરીતો સાથે મળી છેલ્લા એક માસ દરમ્યાન ૧૧ થી વધુ ગુન્હા આચરેલાની કબૂલાત કરેલ તે પૈકી મહેસાણા જીલ્લાના બાવલુ પો.સ્ટે ખાતે બે ગુન્હા નોધાયેલાની હકિકત જાણવા મળેલ છે.

આ કામગરીમાં પો.સ.ઇ.શ્રી આર.એમ. વસૈયા,પો.કો. ભરતસિહ ગોળ, એ.એસ.આઇ. એ.એસ.આઇ. મનુભાઇ ખરાડી, પોકો.-અજયસિંહ ચુડાસમા, પો.કો.- અજીતસિંહ પઢેરીયા, પો.કો.-વિપુલભાઇ પટેલ, પો.કો.- ઘનશ્યામભાઇ ભરવાડ નાઓ જોડાયેલ હતા



# પ્રેસનોટ

(૩)

## પેસેન્જર તરીકે વાહનમાં બેસાડી પેસેન્જરના નાણા છરીની અણીએ લૂંટ કરતી રાજુલાની કુખ્યાત “ભૂરીયા” ગેંગના મુખ્ય સૂત્રધાર સહિત પાંચ સાગરીતોને ઝડપિ પાડતી અમદાવાદ ગ્રામ્ય, એલ.સી.બી તથા ધોલેરા પોલીસ

.....................................................................

જીલ્લામાંથી પસાર થતા રાષ્ટ્રિય ધોરી માર્ગ, રાજ્ય ધોરી માર્ગ ઉપર પેસેન્જર તરીકે વાહનમાં બેસાડી પેસેન્જરને ટાર્ગેટ બનાવી ગુન્હા આચરતી ગેગ સક્રિય થયેલાની જીલ્લા પોલીસ વડા શ્રી.આર.વી.અસારી સાહેબશ્રી નાઓને મળેલ માહિતિ આધારે ખાસ એકશન પ્લાન બનાવેલ જેના ભાગરૂપે અસરગ્રસ્ત રોડ ઉપર ક્રોસ પેટ્રોલીગનુ આયોજન કરી પરીણામ લક્ષી કામગીરી કરવા તાબાના અધિકારીશ્રીઓને કરેલ ખાસ સુચના કરેલ જે અનુલક્ષીને એલ.સી.બી પો.ઇન્સ શ્રી જે.એમ.ચુડાસમા નાઓએ એલ.સી.બી, પો.સ.ઇ. શ્રી. એન. બી. બારોટ. પો.સ.ઇ.શ્રી આર.એમ. વસૈયા, પો.સ.ઇ. શ્રી, આઇ.એમ. ઝાલા, પો.સ.ઇ. શ્રી એ.સી.ગોહિલ અને એલ.સી.બી. ટીમની અલગ અલગ ટીમો બનાવી અસરગ્રસ્ત હાઇવે રોડ ઉપર ખાસ પેટ્રોલીગનુ આયોજન ગોઠવી ગેંગ ઝબ્બે કરવા કવાયત હાથ ધરેલ તેના ફળ સ્વરૂપે એલ.સી.બી.ના હે.કો. ભરતસિંહ ચૌહાણ, પો.કો.-વિપુલભાઇ પટેલ નાઓને સંયુકત રીતે મળેલ ચોક્કસ બાતમી આધારે એલ.સી.બી.અને સ્થાનિક પોલીસની ટીમે ધોલેરા-ભાવનગર હાઇવે રોડ સાંઢીડા ગામના પાટીયા નજીક વોચ ગોઠવી ભારે જહેમતથી રાજુલાની કુખ્યાત “ભૂરીયા” ગેંગના મુખ્ય સૂત્રધાર સહિત કુલ-૦૫ ઇસમોને કુલ રૂ.-૧,૩૮,૮૮૦/- ના મુદ્દામાલ સાથે ઝડપી પાડેલ

## રૂ.૧,૩૮,૮૮૦/-ના મુદ્દામાલ સાથે કુખ્યાત “ભૂરીયા” ગેંગના મુખ્ય સૂત્રધાર સહિત પાંચ ઝડપાયા

(૧) જીવરાજભાઇ રાણાભાઇ દેવીપુજક ઉ.વ.૨૦ રહે, રાજુલા ટહુકાનગર ધોળીયો ડુંગરો તા.જી. અમરેલી

(૨) હરેશભાઇ ભીખાભાકભાઇ દેવીપુજક ઉ.વ.૨૫ રહે, રાજુલા ટહુકાનગર ધોળીયો ડુંગરો તા. જી અમરેલી

(૩) શૈલેષભાઇ ભીખાભાઇ દેવીપુજક ઉ.વ.૨૩ રહે, રાજુલા ટહુકાનગર, ધોળીયો ડુંગરો તા.જી. અમરેલી

(૪) ભીખાભાઇ બચુભાઇ દેવીપુજક ઉ.વ.૫૦ રહે, રાજુલા, ટહુકાનગર, ધોળીયો ડુંગરો તા.જી અમરેલી

(૫)　　અનવરભાઇ બાબુભાઇ મીર મુસલમાન ઉ.વ.૩૦ રહે, રાજુલા નવા રેલ્વે સ્ટેશનની સામે તા. જી અમરેલી

ઉકત ઇસમોને ના કબ્જામાંથી ટાટા ઇન્ડીગો કંપનીની ગાડી નં.- GJ-1,KC-7302, રોકડ રકમ રૂ.૩૭,૩૭૦/- તથા મો.ફોન-૩ કી.રૂ. ૧૫૦૦/- છરી-૧, કિ.રૂ. ૧૦/- તથા બંદર રોડ વે-બ્રીજ ની વાહન નંબર GJ-4 U-7849 ની વજન કાંટા ચીઠ્ઠી કિ.રૂ. ૦૦/૦૦ મળી કુલ રૂ.૧,૩૮,૮૮૦/- નો મુદ્દામાલ મળી આવેલ જે સંબધે પૂછપરછ કરતા કોઇ સંતોષ કારક જવાબ આપેલ નહિ જેથી અટકાયત કરી આગવી ઢબે ઘનિષ્ટ પુછપરછ કરતા ગઇ તા. ૩૦/૦૧/૧૮ ના રોજ બપોરના એકાદ વાગ્યાના અરસમાં ભાવનગર નારી ચોકડી નજીક પોતાના ગામે જવા વાહનની રાહ જોતા એક ખેડૂતને પોતાના કબ્જાની ટાટા ઇન્ડીગો ગાડીમાં બેસાડી રસ્તામાં છરી બતાવી ખેત- પેદાશના ઉપજેલ નાણા રૂ ૨૪,૩૦૦/- ની લૂંટ કરી રસ્તામાં ખેડૂતને ઉતારી લૂટનો ગુન્હો આચરેલાની કેફીયત આપેલ જે સંબધે ખાત્રી તપાસ કરતા/ કરાવતા ભાવનગર જીલ્લાના વરતેજ પો.સ્ટે. ખાતે ધાડનો ગુન્હો નોધાયેલાની હકિકત સામે આવેલ છે.

## ભાવનગરના વરતેજના ગાગાવાડાનો ખેડૂત લૂંટાયો

ભાવનગર જીલ્લાના ગાગાવાડાના ખેડૂત ફરીયાદિશ્રી વલ્લભભાઇ ગુસાભાઇ ધોળકિયા ગઇ તા. ૩૦/૦૧/૧૮ ના રોજ સવારના લીલી જાર (ઘાસ) ટેમ્પોમાં ભરી વેચવા સારૂ ભાવનગર ના જૂના બંદર રોડ ઉપર વેચવા માટે ગયેલ અને લીલી જારના વેચાણના નાણા લઇ પોતાના ગામ જવા ભાવનગર નારી ચોકડી નજીક વાહનની રાહ જોઇ ઉભા રહેલ તે દરમ્યાન આરોપીઓ પોતાની ઇન્ડીગા ગાડિ લઇને આવેલા અને ફરીયાદિશ્રીને ગાડિમાં પેસેન્જર તરીકે બેસાડી રસ્તામાં છરી બતાવી રોકડ રૂ.૨૪,૩૦૦/- લૂટ કરી પાંચ ઇસમોએ રસ્તામાં ઉતારી ભાગી ગયેલ બાબતે વણ શોધાયેલ ધાડનો ગુન્હો ભાવનગર જીલ્લાના વરતેજ પો.સ્ટે. ખાતે ગુન્હો નોધાયેલ છે.

## આરોપીઓનો ગુનાને અંજામ કેવી રીતે આપતા

આરોપીઓ પોતાના કબ્જાની ઇન્ડીગો ગાડિ લઇ શિકારની શોધમાં નિકળતા અને પીક-અપ સ્ટેન્ડ ઉપર વાહનની રાહ જોઇ ઉભા રહેલ પેસેન્જરને પોતાના વાહનમાં પેસેન્જર તરીકે વાહનમાં બેસાડી તકનો લાભ લઇ છરી બતાવી નાણાની લૂંટ કરી રસ્તામાં અવાવરૂ જગ્યાએ ભોગબનનારને ઉતારી મૂકી ગુન્હા આચરતા હતા


આ ગેંગનો મૂખ્ય સૂત્રધાર જીવરાજભાઇ રાણાભાઇ દેવીપુજક દેખાવે ભૂરીયો હોઇ ગેંગ રાજુલા પંથકમાં “ભૂરીયા” ગેંગ તરીકે કુખ્યાત છે.

## **આરોપીનો ગુન્હાહિત ઇતિહાસ**

ગેંગનો મુખ્ય સૂત્રધાર જીવરાજભાઇ રાણાભાઇ દેવીપુજક નાનો રાજુલા પંથકમાં બજાર, મંદિર, બસ-સ્ટેન્ડ, પીક-અપ સ્ટેન્ડ જેવી ભીડભાડવાળી જગ્યાએ ભીડનો લાભ લઇ ખીસ્સા કાતરૂના અસંખ્ય ગુન્હા આચરેલાની કેફિયત આપેલ છે.

આ કામગીરમાં એલ.સી.બી.ના પો.સ.ઇ.શ્રી આઇ.એમ. ઝાલા, પો.સ.ઇ.શ્રી એ.સી.ગોહિલ, પો.સ.ઇ.શ્રી એન.બી. બારોટ, પો.સ.ઇ.શ્રી આર.એમ. વસૈયા, એ.એસ.આઇ મનુભાઇ ખરાડી, હે.કો.ભરતસિંહ ચૌહાણ, પોકો.-અજયસિંહ ચુડાસમા, પો.કો. અજીતસિંહ પઢેરીયા,પો.કો.-વિપુલભાઇ પટેલ, કપિદેવસિંહ વાઘેલા પો.કો.-મહાવીરસિંહ તથા ધોલેરા પો.સ્ટે.ના પો.કો. ઘનશ્યામસિહ તથા પો.કો. હરદિપસિંહ નાઓ જોડાયેલ હતા








આમ અમદાવાદ ગ્રામ્ય એલ.સી.બી, તથા વિરમગામ રૂરલ તથા ધોલેરા ધ્વારા સદરી વીક દરમ્યાન ઉકત સારી અને પ્રશંસનીય કામગીરી કરવામાં આવેલ છે.

(આર.વી.અસારી)
પોલીસ અધિક્ષક
અમદાવાદ રૂરલ અમદાવાદ